મ્યુનિસિપલ બરો ને
નગરપાલિકા ગણવા
અંગે.

**ગુજરાત સરકાર**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ નપાનિ/યુ.૧૫/વી.બીલ ટે./૦૭/સિં.ફા.-૫/મ,**

સચિવાલય,ગાંધીનગર,

**તારીખઃ૧૧/૦૫/૨૦૦૭**

**આમુખઃ**

સને ૧૯૯૨ના ૭૪મા બંધારણીય સુધારાથી ભારતના સંવિધાનની કલમઃ૨૪૩(ક્યુ)થી નગરપાલિકા સંબધી જોગવાઈઓ કરવામાં આવેલ છે. સંવિધાનની કલમઃ૨૪૩(ક્યુ)ના ખંડ (૨)ની જોગવાઇ મુજબ વિસ્તારની વસતી,વસતીની ગીચતા, સ્થાનિક વહીવટ માટેની મહેસુલી આવક, કરવેરા તથા અન્ય સાધનોની વાર્ષિક માથાદીઠ આવક, આર્થિક અગત્યતા તેમજ અન્ય બાબતો વિગેરે ધ્યાને લઈ નામદાર રાજ્યપાલશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરીને જે તે વિસ્તારને ટ્રાન્ઝીશનલ એરીયા(transitional area) કે સ્મોલર અર્બન એરીયા(smaller urban area) એટલે કે મ્યુનિસિપલ બરો(municipal Borough) તરીકે જાહેર કરવામાં આવે છે.

ભારતના સંવિધાનની કલમઃ૨૪૩(ક્યુ) તથા પંચાયત અધિનિયમની કલમઃ૭ની જોગવાઇ હેઠળ વસતી ગણતરી ના અધિકૃત થયેલ વસતીના આંકડા મુજબ ૧૫૦૦૦ થી ૨૫૦૦૦સુધીની વસતી ધરાવતી ગ્રામ પંચાયત ને ટ્રાન્ઝીશનલ એરીયા અને ૨૫૦૦૧થી ઉપરની વસતી ધરાવતી ગ્રામ પંચાયતને સ્મોલર અર્બન એરીયા જાહેર કરવામાં આવે છે.એટલે કે કલમઃ૨૪૩(ક્યુ) હેઠળ મ્યુનિસિપલ બરો(સુધરાઇ કસબો) તરીકે જાહેર કરવામાં આવે છે. મ્યુનિસિપલ બરો જાહેર કર્યાબાદ તે વિસ્તારને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ની કલમઃ૫ (૧) અને ૫ (૨) હેઠળ અનુક્રમે નગરપાલિકા અને નગરપંચાયત નો દરજ્જો આપવામાં આવે છે. આમ સંવિધાનની કલમઃ૨૪૩(ક્યુ) હેઠળ જાહેર કરેલ મ્યુનિસિપલ બરો ને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ની કલમઃ૫

(૧) અને ૫ (૨) હેઠળ નગરપાલિકા જાહેર કર્યા બાદ મ્યુનિસિપલ બરોનું અસ્તિત્વ નથી.એટલે કે મ્યુનિસિપલ બરો એ પણ નગરપાલિકા જ છે. આમ છતાં મ્યુનિસિ બરો અને નગરપાલિકાના અર્થઘટન બાબતે ઘણીવાર મતભેદ ઉભા થાય થાય છે. આ આ બાબતે કાયદાકીય પુખ્ત ચકાસણી કરી આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ**

ભારતના સંવિધાનની કલમઃ૨૪૩(ક્યુ) હેઠળ જાહેર કરેલ "મ્યુનિસિપલ બરો" ને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ ની **કલમઃ૫ (૧) અને ૫ (૨)** હેઠળ નગરપાલિકા જાહેર કર્યા બાદ મ્યુનિસિપલ બરોનું અસ્તિત્વ રહેતુ ન હોઇ, **સંવિધાન** **કલમઃ૨૪૩(ક્યુ)** હેઠળ જાહેર કરેલ તમામ મ્યુનિસિપલ બરો ને **નગરપાલિકા** રીતે ઓળખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આર.ચૌધરી)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી (પત્ર દ્વારા).
- સચીવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, મુખ્ય કારોબારી અધિકારીશ્રી (પત્ર દ્વારા).
- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીનાઅંગતસચિવશ્રી,શ.વિ.શ.ગૃ.નિ.વિભાગ,સચિવાલય, નગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય,(સા.વ.વિભાગ),સચિવાલય,ગાંધીનગર.
- અધિક સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર .
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

- નિયામકશ્રી,નગરપાલિકાઓ, ગુ.રા. ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, રાજકોટ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જી.યુ.ડી.સી.ગાંધીનગર .
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જી.યુ.ડી.એમ.ગાંધીનગર .
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સર્વે શહેરી વિકાસ સત્તા મંડળો.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સર્વે શાખાઓ.
- ચીફ ઓફીસરશ્રી, સર્વે નગરપાલિકાઓ.
- પસંદગી ફાઇલ.